
# શિક્ષક સશક્તિકરણમાં મૂલ્યોનું મહત્ત્વ

ડૉ. યોગેશકુમાર આર. પરમાર
શિક્ષણના વ્યાખ્યાતા,
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ.

**પ્રસ્તાવના**

૧૫ મી ઑગષ્ટ ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો. આપણે આપણા આ આઝાદ દેશના વિકાસને ધ્યાનમાં રાખી અનેક વિકાસ યોજનાઓ અમલમાં મૂકી અને એમાં આપણે સફળ પણ થયા. રાષ્ટ્રીય સાક્ષરતા દરને આપણે ઊંચો પણ લાવી શક્યા આજે આપણા દેશમાં અનેક યુનિવર્સિટીઓ, નામી શૈક્ષણિક સંસ્થાઓ કાર્યરત છે. ભારતના અંતરિયાળ ગામડાં સુધી આપણે શાળા-મહાશાળાઓ સ્થાપી શક્યા છીએ એટલું જ નહિ પરંતુ આપણે અપવ્યય અને સ્થગિતતાના આંકડાને નાથવામાં સફળ થઇ શક્યા છીએ. આ આપણી શિક્ષણમાં પ્રગતિનાં ચિહ્નો છે પરંતું સાથે-સાથે બીજી તરફથી આ બાબતનો અભ્યાસ કરીએ તો આપણને ચોક્કસ અરાજગતાનો અનુભવ થાય છે. ચારેય બાજુ દૃષ્ટિગોચર કરીએ તો સંવેદનશીલતા, વ્યવસ્થિતતા, નેતૃત્ત્વતા, અહિંસા, મિત્રાતા, સ્વચ્છતા, રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રીય એકતા, સર્વધર્મ સમભાવ, સ્ત્રી-પુરૂષ સમભાવ, શ્રમ પ્રત્યેની નિષ્ઠા, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને સૌજન્યશીલતા જેવી બાબતોમાં કંઇક ખૂટવાનો આપણને અનુભવ થાય છે અને એ આપણા માટે ચિંતાનો વિષય પણ છે. આપણી શિક્ષણ સંસ્થાઓ દ્વારા અપાતા શિક્ષણમાં જાણે કે એવી કોઇક નબળી કડીનો આપણે અહેસાસ કરીએ છીએ કે જેના થકી બાળકોમાં જાણે કે સંસ્કારો અને માનવમૂલ્યોના અભાવ અનુભવીએ છીએ. વ્યક્તિના સ્વકલ્યાણની સાથે સાથે લોકકલ્યાણ માટે આજે મૂલ્ય શિક્ષા અતિ આવશ્યક બાબત બની ગઇ છે. આવી આ અરાજગતાભરી સ્થિતિમાંથી આપણને અને આપણા રાષ્ટ્રને ઉગારવામાં કોઇ સમર્થ હોય તો તે માત્ર શિક્ષક જ છે. ચાણક્યએ પણ એ વાત દોહરાવતાં કહ્યું છે કે-"**शिक्षक कभी साधारण नहीं होता, प्रलय और निर्माण उनकी गोद में पलते है।**" સને ૧૯૬૭-૬૮માં કોઠારી કમિશને પણ આ વાતને અનુમોદન આપતાં કહે છે કે-"ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાઇ રહ્યું છે." ખરેખર ઉપર્યુક્ત બંને વિધાનો સાચાં અને શિક્ષક માટે સાર્થક પણ છે. શિક્ષક ધારે તો વિશ્વની કાયા બદલી શકે તેમ છે. જો શિક્ષકને એક મૂલ્યનિષ્ઠ શિક્ષક તરીકે તાલીમ આપવામાં આવે અને તેને જ મૂલ્યના સંવાહક તરીકે સ્વીકારી લેવામાં આવે તો આજના આ સાંપ્રત સમાજને ચોક્કસ વિશ્વાસ છે કે ધોવાયેલાં મૂલ્યોનું માત્ર જતન જ નહિ પરંતું તેનું સંવર્ધન પણ કરી શકીશું ફક્ત જરૂર છે તાલીમી સંસ્થાઓના અભ્યાસક્રમમાં નિમ્નાનુસાર પ્રસ્તુત કેટલાંક રાષ્ટ્રીય મૂલ્યોનું શિક્ષણ આપવમાં આવે.



અહી ઉલ્લેખિત મૂલ્યોના શિક્ષણને કારણે શિક્ષકમાં ચોક્કસ શારીરિક, માનસિક અને બૌધિક વિકાસ સાધી રાષ્ટ્રનિર્માણમાં મહત્વનું યોગદાન આપી શકશે.

**૧. રાષ્ટ્રભક્તિ**

રાષ્ટ્રભક્તિ એટલે કે રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ, દેશ માટેની આપણી કર્તવ્યનિષ્ઠા. દેશના વિકાસમાં કંઇ પણ કરી છુટવાની તમન્ના - ખેવના. દેશ માટે બલિદાનની ભાવના. રાષ્ટ્રના વિકાસમાં જ આપણું હિત છે અને એ જ આપણો ધ્યેય છે. આવા ઉમદા વિચારોની પ્રતિતી સાથે તેનું શિક્ષણ આપવું હવે અતિ આવશ્યક બન્યું છે.

**૨. સર્વધર્મ સમભાવ**

વૈશ્વિક ધરાતલના સંદર્ભમાં વિચાર કરીએ તો ભારત એ એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. આ દેશની ભૂમિ પર હિન્દુ, મુસ્લિમ, શીખ, ઇસાઇ સબ હૈ બસ ભાઇ-ભાઇ. આજ આપણી સંસ્કૃતિ અને આજ આપણું વ્યક્તિત્વ છે. કવિ પ્રદીપ સાચું જ કે છે કે –**"मजहब नहि सीखाता आपस में बैर रखना"** વિશ્વસ્તરીય કોઇ પણ ધર્મ કે સંપ્રદાય હમેશાં ભાઇચારાનો જ ધર્મ શીખવે છે. માટે દરેક ધર્મને સન્માનની ભાવના સાથે જોવો જોઇએ. કોઇ પણ ધર્મની ખોટી ટીકા ટીપ્પણી આપણને એ ધર્મના લોકોથી વિખુટા પાડે છે અને ક્યારેક તેમાં થતી અતિશયોક્તિ આપણને તેના દુશ્મન પણ બનાવી દે છે. માટે આજે આ સર્વધર્મ સમભાવના શિક્ષણની તાતી જરૂરિયાત ઊભી થઇ છે. આજનો શિક્ષક જો ધર્મના ખોટા વાડામાંથી બહાર નીકળી બહાર આવશે અને માનવ ધર્મને અપનાવશે તો ચોક્કસ આપણે વિશ્વ પરિવારની ભાવના સાકાર કરી શકીશું.

**૩. સ્ત્રી-પુરૂષ સમાનતા**

ભારત દેશ ભલે અન્ય રાષ્ટ્રોની જેમ પુરૂષ પ્રધાન રાષ્ટ્ર હોય પણ આ ભૂમિ પર સ્ત્રીને માતાના આસને બિરાજમાન કરી છે. આ દેશનો હરેક નાગરિક નારીને નારાયણી માને છે અને તેનું પૂજન અર્ચન કરે છે. તે એવું પણ માને છે કે એક ભણેલી માતા સો શિક્ષકની ગરજ સારે છે. સાથે-સાથે તે એ પણ માનતો થયો છે કે ગુણિયલ નારી બે કૂળ તારે એક પોતાના પિતાનું અને બીજું પોતાના પતિનું. માટે આજે હવે સ્ત્રી સમાન દરજ્જો આપી તેનું માન સન્માન જાળવવાની જરૂર છે.

**૪. શ્રમ પ્રતિષ્ઠા**

આજે પ્રવર્તમાન સ્થિતિનો બારીક અભ્યાસ કરીએ તો શિક્ષકના વ્યવસાય પ્રત્યે લોકો દુર્લક્ષ સેવતા થયા છે. અને સમાજમાં શિક્ષકને મળવા જોઇએ તેટલાં માન-પાન પણ મળતાં નથી. પરિણામે જે વ્યવસાયે શિક્ષણ સાથે જોડાએલ છે તે પોતાની જાતથી જાણે કે સરમ-સંકોચ અનુભવતા હોય તેવું લાગે છે. પરિણામે શિક્ષક આળસુ તો ક્યાંક લાલચી બનતો હોય તેવી પ્રતિતી થાય છે. અને તેનામાં અપ્રમાણિકતા માટેનું કોઇ મુખ્ય કારણ હોય તો તે એ જ બાબત છે કે સમાજમાં તેને જે દરજ્જો મળવો જોઇએ તે મળતો નથી. માટે સમાજમાં શિક્ષકને મળવા પાત્ર દરજ્જો આપવો જોઇએ અને તેને તે મળવો જોઇએ.

**૫. વૈજ્ઞાનિક દષ્ટિકોણ**

આજનો શિક્ષક ખોટી અંધશ્રદ્ધાથી પર અર્થાત વૈજ્ઞાનિક દષ્ટિકોણવાળો હોવો જોઇએ. કાર્ય-કારણના સિદ્ધાંતમાં માનનારો અને વિચારનાર હોવો જોઇશે. પોતાની આસપાસ પ્રવર્તતી દરેક પરિસ્થિતિને સમજી વિચારી અને તેનું ખંડન કે મંડન કરનાર શિક્ષક તૈયાર કરવા પડશે. એટલું જ નહિ તે પોતાના વિષયમાં પણ વૈજ્ઞાનિક હોવો જોઇશે.

**૬. સૌજન્યશીલ**

આપણી આસપાસ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળએલ દરેકનું માન સન્માન જાળવવું એ આપણું કર્તવ્ય છે અને એજ રીતે આપણા વિદ્યાર્થીઓ પ્રત્યે આદરભાવ રાખવવો એ આપણી ફરજ છે. એના સુખ દુઃખમાં ભાગીદાર થવું જોઇએ. આપણા વર્ગખંડમાં ખૂણામાં બેઠેલો, એકલો અટુલા વિદ્યાર્થી પ્રત્યે લાગણી સભર વ્યવહાર કરવો ભલે એ અમીર કે ગરીબ કેમ ન હોય તેની સાથે સમ સંવેદનશીલ વ્યવહાર કરવો જોઇએ. તેની નાનામાં નાનીમાં જરૂરિયાતો ઓળખો અને તેની જરૂરિયાતો સંતોષવામાં સહયોગી બનો. તેના પર આવી પડેલ દુઃખદ, વિકટ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે માર્ગદર્શન આપો.

**૭. વ્યવસ્થિતતા**

આપણને સોંપવામાં આવેલ કામ પ્રત્યે આપણે પ્રમાણિક રહેવું જોઇએ. દરેક વ્યક્તિએ પોતાની જવાબદારીને ધ્યાનમાં રાખી અન્યની સાથે સભાનતાથી વ્યવહાર કરવો જોઇએ. કામમાં ચોક્સાઇ અને ચીવટ રાખવી જોઇએ. આપણા વાણી, વ્યવહાર અને વર્તનમાં તથા ઊઠવા-બેસવામાં શિસ્તબદ્ધતા અને વ્યવસ્થિતતા હોવી જોઇએ.

**૮. નેતૃત્વ**

શિક્ષકમાં નેતૃત્વનો ગુણ હોવો એ અતિ આવશ્યક છે. શિક્ષકે એ કદાપી ન ભૂલવું જોઇએ કે એ સમાજનો આગેવાન છે. તેનામાં નેતાગીરીના તમામ ગુણ હોવા જોઇશે. સામાજિક પ્રસંગોએ તેણે આગેવાની લઇ દરેકને દોરવા પડશે.

**૯. અહિંસા**

**अहिंसा परमो धर्म** । આ વિધાનના સંદર્ભમાં વાત કરીએ તો શિક્ષકે હિંસાની જગ્યાએ અહિંસાનો માર્ગ અપનાવવો જોઇએ. વર્ગમાં વિદ્યાર્થીઓને શિસ્તમાં રાખવા માટે મારવા કે ધમકાવવા એ પણ એક હિંસાત્મક માર્ગ જ કહેવાય માટે શિક્ષકે એવા કોઇ માર્ગની વિચારણા કરવી કે જેમાં વિદ્યાર્થી આપોઆપ તે પ્રમાણેનો વ્યવહાર કરે. વર્ગખંડમાં એવી કોઇ પદ્ધતિ-પ્રયુક્તિ અપનાવવી કે તે થકી વિદ્યાર્થી ઇચ્છિત વર્તન વ્યવહાર કરે કારણ ઘરેલુ હિંસા માણસને આમાજિક હિંસા તરફ દોરી જાય છે.

**૧૦.સ્વચ્છતા**

સ્વચ્છતા ત્યાં પ્રભૂતા. એક સ્વચ્છ વ્યક્તિ જ સ્વચ્છ અને સ્વસ્થ સમાજની સ્થાપના કરી શકે છે. શિક્ષક સદૈવ સ્વચ્છતા અને સ્વસ્થતાનો આગ્રહી હોવો જોઇએ અને તે પ્રમાણે અનુસરણ અને અનુકરણ થકી વિદ્યાર્થીમાં સ્વચ્છતા અને સ્વસ્થતાના પાઠ ભણાવવા જોઇએ.

**૧૧.મિત્રતા**

વિદ્યાર્થીઓને સામાન્ય રીતે ગુરૂ-શિક્ષકની નહિ પરંતુ એક સાચા મિત્રની જરૂર છે. શિક્ષક સાચા અર્થમાં Friend Philosopher and Guide હોવો જોઇએ. મિલનસાર લાગણી સભર વ્યક્તિ દરેકને પસંદ હોય છે અને વિદ્યાર્થી પણ એવા શિક્ષકને પસંદ કરે છે. વિદ્યાર્થી આવા શિક્ષકના સાનિધ્યમાં પોતાની જાતને સુરક્ષિત માને છે. એક સાચો મિત્ર પોતાના મિત્રની સાથે ઢાલ બનીને ઊભો રહે છે એટલું જ નહિ પરંતુ તેની ખોટી બાબતોને નકારી તેમાંથી બહાર નીકળવા માટે પ્રોત્સાહિત પણ કરે છે.

**ઉપસંહાર**

બાળક- વિદ્યાર્થીને મન તેનો શિક્ષક સર્વસ્વ હોય છે. વિદ્યાર્થી હમેંશા પોતાના શિક્ષકને આદર્શ માની તેનું અનુકરણ અને અનુસરણ કરતો હોય છે. શિક્ષકના વાણી, વ્યવહાર અને વર્તનનું એ સદા અવલોકન કરતો હોય છે અને પોતાનામાં તે પ્રમાણેનું કરવા સદા તત્પર હોય છે. જો આમ હોય અર્થાત વિદ્યાર્થીને મન શિક્ષક એક આદર્શ હોય તો શિક્ષકે સાચા અર્થમાં આદર્શ બનીને રહેવું જોઇએ. ઉપર્યુક્ત દર્શાવેલ મૂલ્યો જો તે પોતે અપનાવશે તો આ દિશાશૂન્ય સમાજને ચોક્કસ વિશ્વાસ છે કે આવતી કાલે એક મૂલ્યનિષ્ઠ તંદુરસ્ત સમાજની આપણે સ્થાપના કરી શકીશું અને આપણું અને સમાજનું આપણે કલ્યાણ કરી શકીશું. માટે આવા મૂલ્યસભર અભ્યાસક્રમ અપનાવવામાં આવે અને તાલીમી સંસ્થાઓમાં તે પ્રમાણેનો અભ્યાસક્રમને પ્રાધાન્ય આપવામાં આવે.